પરિપત્ર ક્રમાંક: પીએ / એમ.એસ. / ૨ /૧૦૯૯
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
ધ-૫ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર- ૩૮૨ ૦૧૬.
તારીખ- ૧ / ૧ / ૧૯૯૯

પ રિ પ ત્ર :-

વિષય:- યાંત્રિક શાખાને લગતી કામગીરીવાળી સાઈટ ઉપરની મુલાકાત દરમ્યાન જરુરી કાળજી રાખવા બાબત...

---

(૧) ગુજરાત પાણી પુરવઠા અને ગટર બોર્ડની યાંત્રિક શાખા હેઠળની કામગીરી જેવી કે, બોર શારકામ તથા મશીનરી અને હેન્ડપંપની ગોઠવણી વિગેરેના કામમાં સુપરવાઈઝરી સ્ટાફ પુરતા પ્રમાણમાં ધ્યાન આપતા નથી તેમજ રોજબરોજ સાઈટ ઉપર મુલાકાત લેતા નથી તેવું બોર્ડના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ માનનીય અધ્યક્ષશ્રીના ધ્યાન ઉપર આવેલ છે. તો આ બાબતે સુપરવાઈઝરી સ્ટાફ સાઈટ ઉપર જાય તેવી તેમના અધિકારીએ ચકાસણી રાખવી તેમજ અધિકારીએ આકસ્મિક મુલાકાતથી તેઓ સાઈટ ઉપર છે કે કેમ ? તેની માહિતી મેળવવી.

(૨) શારકામ તથા મશીનરીની ગોઠવણીના કામ અંગે યાંત્રિક સુપરવાઈઝરી સ્ટાફ પાસે ફીલ્ડ બુક હોવી ખાસ જરુરી છે અને આ ફીલ્ડ બુકમાં સાઈટ ઉપર લીધેલ માપો લખવા અને તે માપો તેમના ફીલ્ડ અધિકારીને સુપ્રત કરવા.

(૩) ફીલ્ડ બુક ડુપ્લીકેટમાં રાખવી અને સુપરવાઈઝરી સ્ટાફે આ ફીલ્ડ બુકમાં લખેલ માપો મુજબ તેમના અધિકારીશ્રીએ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં બોર શારકામ તથા મશીનરી હેન્ડપંપની ગોઠવણીમાં વપરાતા માલસામાન, પાઈપો, મશીનરી, સીમેન્ટ, સ્ટીલ તેમજ ઈલેકટ્રીક માલસામાન વગેરેની નોંધ પણ પૂર્ણ થયે આ ફીલ્ડ બુક ફીલ્ડ અધિકારીને સુપ્રત કરવાની રહેશે અથવા આ રેકોર્ડના ચેકીંગ માટે ઉપરી અધિકારી તરફથી જ્યારે પણ માંગવામાં આવે ત્યારે બતાવવું જરુરી છે.

(૫) શારકામ, મશીનરીની ગોઠવણી, હેન્ડપંપની ગોઠવણી, હેન્ડપંપના થાળાના કામ વગેરે કામ માટે જરુરી ડ્રોઈંગ, મશીનરી લોગબુક તથા તેને લગતો રેકોર્ડ કામગીરી બાબતે સાઈટ ઉપર રાખવો અને તેના પ્રમાણે અને ઉચ્ચ ગુણવત્તાથી આ કામ થાય તેનું ધ્યાન સુપરવાઈઝરી સ્ટાફે રાખવાનું રહેશે.

(૬) ફીલ્ડ બુકની ચકાસણી કાર્યપાલક ઈજનેરશ્રીએ પણ કરવાની રહેશે અને તેમને આવી ચકાસણી કરી છે તેવી જાણ પણ ઉપરી કચેરીને કરવી.

૨...

(૭) સાઈટ ઉપર સુપરવાઈઝરી સ્ટાફ ફીલ્ડ બુક સાથે જ જવાનું રહેશે અને જો આ ફીલ્ડ બુક રાખવામાં તેમજ તેમાં માહિતી નોંધવામાં કસુર થશે તો તેવા સુપરવાઈઝરી સ્ટાફનો પ્રથમ તબકકે ઈજાફો રોકવામાં આવશે અને આ પ્રકારની ભૂલનું પુનરાવર્તન થશે તો નોકરીમાંથી રુખસદ જેવા અન્ય શિક્ષાત્મક પગલાં પણ બોર્ડ દવારા ભરવામાં આવશે.

(૮) બોર શારકામ, મશીનરી ગોઠવણી અને હેન્ડપંપ ગોઠવણી તથા થાળના કામ માટે સાઈટ ઉપરના સુપરવાઈઝરી સ્ટાફે પોતાના સાઈટ ઉપરના કામનું ૧૫ દિવસ અગાઉ પ્લાનીંગ કરી તેની વિગતો ઉપરનાં અધિકારીને અચૂક આપવું અને તેની તાત્કાલિક મંજુરી મેળવવી જરુરી છે.

(૯) સુપરવાઝરી સ્ટાફ માટે જરુરી ફીલ્ડ બુકની વ્યવસ્થા ઉપલા અધિકારીએ ૧૫ દિવસમાં કરી બોર્ડને રીપોર્ટ કરવો તેમજ આ વ્યવસ્થાનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની સઘળી જવાબદારી ફીલ્ડ અધિકારી/કાર્યપાલક ઈજનેરની રહેશે અને આ વ્યવસ્થાનું સઘન ચકાસણી અધિક્ષક ઈજનેરશ્રીએ તેમની સાઈટ ઉપરની મુલાકાત વખતે કરવી તેમજ ફીલ્ડ બુકમાં નોંધ કરવી.

ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું તેમજ વિભાગીય અધિકારીશ્રીએ આ બાબતે થયેલ કાર્યવાહીની બોર્ડ કચેરીને જાણ કરવી જેથી મા.અધ્યક્ષશ્રીને વાકેફ કરી શકાય.

( એમ. વી. વાઢેર )
સભ્ય સચિવ.

નકલ રવાના પ્રતિઃ-
-મા.અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, બોર્ડ કચેરીને જાણ માટે.
-મુખ્ય ઈજનેરશ્રી, (યાં)
-અધિક્ષક ઈજનેરશ્રી, (યાંત્રિક) સર્વે.
-કાર્યપાલક ઈજનેરશ્રી (યાંત્રિક) સર્વે.